ગાંધીનગર સમાચાર

મહારાષ્ટ્ર અને હરિયાણામાં ચુંટણી પ્રચારનો અંત

નવી દિલ્હી,તા. ૧૩

હરિયાણા અને મહારાષ્ટ્રમાં ૧૫મી ઓક્ટોબરના દિવસે યોજાનારી વિધાનસભાની ચુંટણી માટે હાઈવોલ્ટેજ પ્રચારનો આજે સાંજે અંત આવી ગયો હતો. હવે મતદાનને લઈને ઉત્સુક્તા દેખાઈ રહી છે. પ્રચારના છેલ્લા દિવસે વડાપ્રધાન મોદીએ પણ આક્રમક પ્રચાર કરીને કોંગ્રેસ અને અન્યો ઉપર આક્રમક પ્રહારો કર્યા હતા.બીજીબાજુ હરીફ પાર્ટીઓએ પણ મતદારોને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસ કર્યા હતા. લોકસભાની ચુંટણીમાં પાંચ મહિના અગાઉ પ્રચંડ બહુમતી મળ્યા બાદ મોદીએ બન્ને રાજ્યોમાં ૩૦થી વધુ રેલીઓ યોજી હતી. ભ્રષ્ટાચાર અને અન્ય મુદ્દાઓ ઉપર પ્રહારો કરાયા હતા. મહારાષ્ટ્રમાં કોઈ સ્થાનિક ચહેરા નહીં ધરાવતા હોવા છતાં મોદીએ આ જવાબદારી સંભાળી હતી. મહારાષ્ટ્રમાંવિધાનસભાની ૨૮૮ અને હરિયાણામાં ૯૦ બેઠકો ઉપર ચુંટણી યોજાનાર છે. ભાજપે મોદી ઉપર મુખ્ય રીતે આધાર રાખ્યો હતો. શિવસેના સાથે સંબંધ તુટ્યા બાદ મહારાષ્ટ્રમાં ચુંટણી નવા સમીકરણો લઈને આવી શકે છે. બીજીબાજુ કોંગ્રેસે પૃથ્વીરાજ ચૌહાણને મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કર્યા છે. એનસીપીએ અજીત પવારને અને શિવસેનાએ ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કર્યા છે. મોદીએ મહારાષ્ટ્રમાં ૨૦ અને હરિયાણાં ૧૦ રેલી સંબોધી હતી. બન્ને રાજ્યોમાં મતગણતરી રવિવારના દિવસે થશે.

મોટા રાજકીય પક્ષો ગઠબંધન વગર મેદાનમાં ઉતરી રહ્યા છે. મહારાષ્ટ્રમાં ભાજપ ૨૫૭ બેઠક ઉપર અને તેના નાના સાથીપક્ષો ૩૧ બેઠકો ઉપર ચુંટણી મેદાનમાં છે. જ્યારે કોંગ્રેસ અને એનસીપી તમામ બેઠકો પર મેદાનમાં છે. ૨૦૦૯ની ચુંટણીમાં કોંગ્રેસે ૮૨, એનસીપીએ ૬૨, શિવસેનાએ ૪૫, ભાજપે ૪૭ બેઠકો જીતી હતી. મહારાષ્ટ્રમાં અનુસૂચિત જાતિની ૨૯ અને અનુસૂચિત જનજાતિની ૨૫ બેઠકો છે. મહારાષ્ટ્રમાં કુલ ૮ કરોડથી વધુ મતદારો છે. જ્યારે હરિયાણામાં દોઢ કરોડથી વધુ મતદારો નોંધાયા છે.

હુડહુડ ઈફેક્ટ વચ્ચે દૂધ અને શાકભાજીના ભાવ આસમાને

વિશાખાપટ્ટનમ, તા. ૧૩

હુડહુડ વાવાઝોડાની અસર હજુ પણ દેખાઈ રહી છે. વાવાઝોડું ત્રાટક્યાના એક દિવસ બાદ વિશાખાપટ્ટનમમાં આજે ચારેય બાજુ વિનાશની સ્થિતિ જોવા મળી હતી. બીજીબાજુ જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ પણ આસમાને દેખાયા હતા જેના કારણે લોકો ભારે મુશ્કેલીમાં રહ્યા હતા. વિજળી અને દૂરસંચાર સેવા હજુ પણ ઠપ થયેલી છે. આજે સોમવારે પણ લોકો દહેશતમાં રહ્યા હતા. અનેક ઘરના કાંચ તુટી ગયા હતા. જ્યાં ત્યાં વીજળીના થાંભલા તુટી પડ્યા હતા. મોટાભાગની વાણિજ્ય ઈમારતોને પણ નુકશાન થયું છે. તમામ પેટ્રોલ પંપ પર સવારથી જ લાંબી લાઈનો જોવા મળી હતી. દુધની દુકાનો અને જીવન જરૂરી ચીજવસ્તુઓ માટે અંધાધુંધી દેખાઈ હતી. લોકો શક્ય તેટલા વધુ પ્રમાણમાં ચીજો ખરીદી લેવા ઈચ્છુક દેખાયા હતા. જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આના કારણે આસમાને પહોંચી ગયા હતા. પેટ્રોલ , શાકભાજી, દૂધની કિંમતો બે ગણી થઈ ગઈ હતી. દુકાનદારોએ દરેક પેકેટ ઉપર ૧૦થી ૧૫ રૂપિયાનો વધારો દુધ પર કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. વિશાખાપટ્ટનમમાં દૂધનો ભાવ લીટર દીઠ ૮૦ સુધી બોલાયો હતો. બીજીબાજુ અન્ય ચીજવસ્તુઓના ભાવ પણ રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચ્યા હતા. હુડહુડ વાવાઝોડાના કારણે ઓછામાં ઓછા ૧૦ હજાર કરોડનું નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે હજુ સુધી આંકડાની ખાતરી પાકી રીતે કરવામાં આવી નથી. પરંતુ માડખાને વ્યાપક નુકશાન થયું છે.વિશાખાપટ્ટનમમાં રહેતા લોકો ભારે મુશ્કેલીમાં દેખાયા હતા. વિજળી અને દૂરસંચાર વ્યવસ્થા ઠપ રહેવાના કારણે લોકોને ભારે મુશ્કેલી નડી હતી. જનજીવન આજે પણ ખોરવાયેલું રહ્યું હતું. જાણકાર લોકોનું કહેવું છે કે દૂરસંચાર અને વીજળી વ્યવસ્થાને પુનઃસ્થાપિત કરવામાં હજુ કેટલાક દિવસો લાગી શકે છે કારણકે વ્યાપક નુકશાન થયું છે. બીજીબાજુ રાહત કેમ્પોમાંથી લોકોને ફરી સુરક્ષિત લઈ જવામાં આવી રહ્યા છે.

વાવાઝોડાથી વિશાખાપટ્ટનમમાં સૌથી વધુ નુકશાન થયું

નરેન્દ્ર મોદી આજે વિશાખાપટ્ટનમ પહોંચશે : સ્થિતિની સમીક્ષા થશે

નવી દિલ્હી,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે વાવાઝોડાગ્રસ્ત વિશાખાપટ્ટનમની મુલાકાત લેનાર છે. તેઓ હાલમાં જ ત્રાટકેલા વિનાશકારી વાવાઝોડાથી થયેલા નુકશાનની સમીક્ષા કરશે. ગઈકાલે હુડહુડ વાવાઝોડું આંધ્રપ્રદેશ અને ઓરિસ્સામાં ત્રાટક્યું હતું જેના કારણે સૌથી વધુ નુકશાન વિશાખાપટ્ટનમમાં થયું છે. નરેન્દ્ર મોદીએ પોતે ટ્વીટર પર કહ્યું છે કે તેઓ આવતીકાલે વિશાખાપટ્ટનમ પહોંચશે અને પરિસ્થિતિની સમીક્ષા કરશે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ સાથે તેઓ સતત સંપર્કમાં રહ્યા છે અને તમામ મદદ કરવાની ખાતરી આપી છે. ગઈકાલે વિશાખાપટ્ટનમ અને આસપાસના વિસ્તારોમાં વાવાઝોડાના કારણે ભારે નુકશાન થયું હતું. પાંચ લોકોના મોત પણ થયા હતા. સેંકડો વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. વિજળી

વ્યવસ્થા ડુલ થઈ ગઈ હતી. દૂરસંચાર વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ હતી. નરેન્દ્ર મોદી પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ કેટલીક રાહત આંધ્રપ્રદેશ અને ઓરિસ્સા માટે જાહેર કરે તેવી શક્યતા છે.

રાજયના મહેસુલ વિભાગના જણાવ્યા મુજબ, વાવાઝોડાના કારણે અનેક મકાનો ધરાશાયી થયા હતા. સેંકડો વૃક્ષો પડી ગયા હતા. ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી. ૧૭૦થી ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાતા જનજીવન ખોરવાઈ ગયું હતું. નવેસરના હવામાન બુલેટીન મુજબ હુડહુડ વાવાઝોડું હવે દક્ષિણી છત્તીસગઢની નજીક છે અને તે દક્ષિણ, પશ્ચિમ ઓરિસ્સાની પાસે છે.હુડહુડ વાવાઝોડું હવે ઉત્તર પશ્ચિમની દીશામાં આગળ વધશે અને ધીમે-ધીમે નબળુ પડશે. પરંતુ હવે તેની અસર હેઠળ ભારે વરસાદ થઈ શકે છે. વાવાઝોડાના કારણે ગઈકાલે ઓરિસ્સા અને આંધ્રમાંથી લાખો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા હતા. હવે તમામ લોકોને ફરી તેમના નિર્ધારીત સ્થળો પર ગોઠવવાની પ્રક્રિયા ચાલી રહી છે. છતાં સાવધાની રાખવામાં આવી રહી છે. મોદીની યાત્રાને લઈને તમામ જગ્યાએ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

જયાની જામીન અરજી પર ૧૭મીએ સુનાવણી કરાશે

ચેન્નઈ,તા. ૧૩

સુપ્રીમ કોર્ટે અન્નાદ્રમુકના નેતા અને હાલ જેલમાં રહેલા જયલલિતાની જામીન અરજી પર શુક્રવારે સુનાવણી કરવા સહમતિ દર્શાવી છે. અપ્રમાણ સંપત્તિ કેસમાં જયલલિતાને ચાર વર્ષની જેલની સજા હાલમાં જ ફટકારાઈ હતી. જેથી જયલલિતા હાલ જેલમાં છે. જયલલિતાની જામીન અરજી પર તમામ લોકોની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. ૨૭મી સપ્ટેમ્બર બાદથી જેલમાં રહેલા જયલલિતાએ તેમને જામીન આપવાનો ઈન્કાર કરનાર હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને સુપ્રીમમાં

અપીલ કરી હતી. ચીફજસ્ટીસ એચએલ દત્તુએ ૧૭મી ઓક્ટોબરના દિવસે સુનાવણી કરવા સહમતી દર્શાવી છે. વરિષ્ઠ એડવોકેટ ફલીએસ નરીમને તર્કદાર દલીલો કરી હતી. આ સપ્તાહમાં જ સુનાવણી કરવા માટે રજુઆત કરવામાં આવી હતી. ૧૭મી ઓક્ટોબરના દિવસે જયલલિતાને જામીન મેળવી લઈને કોર્ટની બહાર આવવાની છેલ્લી તક છે.

દિવાળીની ઉજવણી જયલલિતા જેલની બહાર કરે તેવી ગણતરી અન્નાદ્રમુકના સમર્થકો કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટ શુક્રવાર બાદ એક સપ્તાહ માટે વેકેશન પર રહેશે. કર્ણાટક હાઈકોર્ટ દ્વારા જયલલિતાને જામીન આપવામાં આવ્યા નહતા. જયલલિતાને ભ્રષ્ટાચારના કેસમાં દોષીત જાહેર કરીને ચાર વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. જયલલિતાએ ૯મી ઓક્ટોબરના દિવસે જામીન માટે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. જયલલિતાએ રજુઆત કરી છે કે, તેમને આ કેસમાં ચાર વર્ષની સજા કરવામાં આવી છે. તેઓ જુદી-જુદી બીમારીઓથી ગ્રસ્ત છે જેથી તાત્કાલિક રાહત માટે તેમને રજા મળે તે જરૂરી છે. જયલલિતાએ સીનીયર સિટીઝન અને મહિલા હોવાની વાત પણ કરી હતી. જોકે ૬૬ વર્ષીય રાજકારણીને જામીન આપવાનો ઈન્કાર કરી દેવાયો હતો. સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટરે જયલલિતાને જામીન મળે તેની સામે કોઈ વાંધો ઉઠાવ્યો નહતો. જયલલિતાની સાથે-સાથે શશીકલા અને એન સુધાકરણને પણ જામીન મળ્યા નથી.

મોદીની પ્રશંસા ભારે પડી : અંતે થરૂરને પ્રવક્તા તરીકે દૂર કરાયા

નવી દિલ્હી,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશી થરૂરને ખૂબ

ભારે પડી છે. કોંગ્રેસે નારાજગી વ્યક્ત કરીને પૂર્વ કેન્દ્રીય પ્રધાન શશી થરૂરની કોંગ્રેસના પ્રવક્તા તરીકે હકાલપટ્ટી કરી દીધી છે. પક્ષ દ્વારા જારી કરવામાં આવેલી યાદીમાં જણાવાયું છે કે, થરૂરને એઆઈસીસીની શિસ્ત સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવ્યા બાદ કોંગ્રેસના પ્રવક્તા તરીકે હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. નરેન્દ્ર મોદીની પ્રશંસા કરવા બદલ થરૂર ઘણા દિવસથી કોંગ્રેસની ટીકા ટિપ્પણીનો સામનો કરી રહ્યા હતા. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ એઆઈસીસીના પ્રવક્તાઓની યાદીમાંથી શશી થરૂરને દૂર કરવા એઆઈસીસીની શિસ્ત સમિતિની ભલામણને સ્વીકારી લીધી છે. તાત્કાલિક અમલ સાથે શશી થરૂરની હકાલપટ્ટી કરી દેવામાં આવી છે.

ઘણા દિવસથી ભારે હોબાળો રહ્યા બાદ આખરે શશી થરૂરની હકાલપટ્ટી કરી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત મિશનના આમંત્રણને સ્વીકારી લીધા બાદથી શશી થરૂરની ટીકા થઈ રહી હતી. મોદીને ક્લીન ઈન્ડિયા કેમ્પેન મુદ્દે શશી થરૂરે અભિનંદન પણ આપ્યા હતા. પાર્ટી હાઈકમાન્ડ તેમની સામે કાર્યવાહીને લઈને અસમંજસની સ્થિતિમાં હતી. પાર્ટીને એવી દહેશત છે કે મહાત્મા ગાંધી સાથે જોડાયેલા સફાઈ ઝુંબેશથી જોડાવવાના મુદ્દે પગલા લેવાથી ભાજપને ટીકા ટિપ્પણીની તક મળી જશે. શશી થરૂર સામે પગલા લેવા ઘણા દિવસથી માંગ થઈ રહી હતી. ટીવી ચર્ચામાં મોદીની શશી થરૂરે ખૂબ જ પ્રશંસા કરી હતી. કેરળ કોંગ્રેસે હાલમાં જ શશી થરુર સામે એક અહેવાલ મોકલ્યો હતો જેમાં પગલા લેવાની વાત કરી હતી. શિસ્ત સમિતિને કેરળ પ્રદેશ કોંગ્રેસ સમિતિએ ફરીયાદ કરી હતી. પક્ષના રાજ્ય એકમે કહ્યું હતું કે, મોદીની પ્રશંસા કરવાની બાબત ખૂબ જ અયોગ્ય છે શશી થરુરને આ અંગે ઠપકો પણ આપવામાં આવ્યો હતો.

મોદીના ન્યુયોર્ક ભાષણના પ્રસારણને લઈ વિવાદ થયો

નવી દિલ્હી, તા. ૧૩

ન્યુયોર્કના મેડિસન સ્કવેર ગાર્ડન પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલા ભાષણનું ફરી પ્રસારણ કરાતા મોટો વિવાદ ઉભો થયો છે. આ ભાષણનું બુધવારના દિવસે મહારાષ્ટ્રના સ્થાનિક ચેનલો ઉપર પ્રાઈમટાઈમ ઉપર પ્રસારણ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે.

કોંગ્રેસે આની સામે ચુંટણીપંચ સમક્ષ વિધિવતરીતે ફરીયાદ કરી છે અને કહ્યુંછે કે તાત્કાલિક પગલા લેવામાં આવે તે જરૂરી છે. ચેનલોએ આ ભાષણને કોઈપણ પ્રકારની મંજુરી વગર રજુ કરતા વિવાદ થયો છે. કોંગ્રેસે આક્ષેપ કર્યોછે કે, મોદી દ્વારા ન્યુયોર્કમાં આપવામાં આવેલા ભાષણને દેશના વડાપ્રધાન તરીકે ગણવામાં આવે તે જરૂરી છે. ન્યુયોર્કમાં તેઓ સત્તાવાર પ્રવાસે હતા. ભાજપ દ્વારા આનો ફાયદો લેવામાં આવી રહ્યો છે. ભાજપના નેતા વિનય સહસ્ત્રબુદ્દેએ એક ટીવી ચેનલને કહ્યું છે કે મોદીનો કાર્યક્રમ અંગત કાર્યક્રમ હતો આને ફ્રેન્ડ્સ ઓફ બીજેપી દ્વારા આયોજિત કરાયો હતો.

રાહુલની રેલીમાં મજુરોને અપાનાર રોકડ રકમ જપ્ત

નાગપુર,તા. ૧૩

મહારાષ્ટ્ર પોલીસે નાગપુરમાં એક શખ્સને ૧૦ લાખ રૂપિયાની રોકડ રકમ સાથે ઝડપી પાડ્યો છે. ઝડપાયેલા શખ્સે સાફ શબ્દોમાં કહ્યુ છે કે તે આ રકમને રામટેકમાં રાહુલ ગાંધીની રેલીની તૈયારી કરનાર મજુરોને આપવા માટે જનાર હતો. પોલીસે આ રોકડ રકમ નાગપુરના સંગમનેર વિસ્તારમાં નિયમિત ચકાસણી દરમિયાન પકડી પાડી હતી. અગ્રેજી અખબાર ડેલી મેલના અહેવાલ મુજબ કાર ડ્રાઈવરે પોલીસની નાકાબંધી હોવા છતાં કાર રોકી ન હતી અને ભાગી છુટવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે તેનો પીછો કર્યો હતો અને તેને પકડી પાડ્યો હતો. ઉંડી

તપાસ કરવામાં આવતા જાણવા જંગી રોકડ રકમ મળી આવી હતી. ૧૦ લાખ રૂપિયાની રોકડ રકમ મળતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ત્યારબાદ તેની પુછપરછ હાથ ધરવામાં આવી હતી. કારના ડ્રાઈવરની ઓળખ મોહમ્મદ અલીમ તરીકે કરવામાં આવી છે. પુછપરછમાં આ શખ્સે પોલીસને કહ્યું હતું કે તે આ રકમને રાહુલ ગાંધીની રેલીની તૈયારી કરી રહેલા મજુરોને પેમેન્ટ માટે લઈને જઈ રહ્યો હતો. બીજી બાજુ ચૂંટણી પંચે પહેલાથી સ્પષ્ટતા કરી છે કે પ્રચાર દરમિયાન રેલીઓના આયોજન માટે કોન્ટ્રાક્ટર્સને રોકડમાં રકમની ચુકવમી કરવામાં આન આવે. બલ્કે ચેક મારફતે ચૂંકવણી કરવામાં આવે. આવી સ્થિતીમાં ચૂંટણી માહોલમાં આટલી જંગી રકમ લઈને ચાલવાની બાબત ખુબ શંકાસ્પદ છે. કોઈ પણ કાગળ વગર અને મંજૂરી વગર આટલી રકમ કેશમાં લઈને જવાની બાબત બાદ કેસ દાખલ કરવામાં આવે તે જરૂરી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી અને આ રેલીના આયોજન કરનાર નાગપુરમાંથી કોંગ્રેસના ઉમેદવાર સુધી રેલો પહોંચે છે છે કે કેમ તે બાબત પર નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

સમાચાર ઝલક

- જાન્યુઆરી-૨૦૧૫ ઈતિહાસમાં ચાર દિવસનો વેડફેસ્ટ-વડોદરા મહા ઉત્સવ યોજાશે.
- આજે ડિઝાસ્ટર રિડકશન ડે વિષે લોકજાગૃતિ લાવવાના પ્રયાસો કરાયા હતા.
- સરકારી કર્મચારીઓની હાજરીને ચોકકસ કરવા માટે વેબસાઈટ લોન્ચ કરાઈ.
- ફિલ્મ અભિનેત્રી ભાગ્યશ્રીનો પુત્ર અભિમન્યુ બોલીવુડમાં એન્ટ્રી કરશે.
- માણાવદર તાલુકાના વેકરી ગામે માનવ અધિકારનું ઉલ્લંઘન કરતું વીજ તંત્ર. બે દિવસથી વીજ પુરવઠો ઈરાદા પૂર્વક બંધ. કેટલાય લોકોને ગભરામણ-બિમાર.
- શાહપુર હિંસામાં લુંટ કરાયેલી પોલીસ રીવોલ્વરની કોઈ ભાળ મળી નથી.
- પાક વીમો ચુકવવો પડે નહીં તે માટે અત્યારથી જ સરકારના ઠાગાઠૈયા.
- સાક્ષીઓની સુરક્ષા માટે નીતિ નવેસરથી બનાવવા મુંબઈ હાઈકોર્ટનો આદેશ.
- સુરતમાં પુત્ર સામે કોર્ટમાં ગયેલી માતાને મળ્યો ન્યાય. દર મહિને ઘર ખર્ચ આપવાનો આદેશ.
- આગના બનાવો અટકાવવા રેલવેમાં રાત્રિના ૧ થી સવારના પાંચ સુધી મોબાઈલ ચાર્જિંગ બંધ રહેશે.
- હવે સિવીલ ડ્રેસમાં પોલીસ દરોડા પાડી નહિ શકે - ગૃહમંત્રાલયનો આદેશ.
- હવે હોટલ મેનેજરો જ ટુરીસ્ટ લીકર પરમીટ ઈસ્યુ કરી શકશે.
- આ વર્ષે દિવાળી કાર્ડમાં વૈવિધ્યપૂર્ણ સંદેશા આપવા કાર્ડનો અનોખો ઝગમગાટ.
- ચાઈનીઝ ફટાકડાની આયાતથી ભારતના સ્થાનિક ફટાકડા ઉદ્યોગને ભારે લપડાક. ૫ લાખ પરિવારને અસર થશે.
- સુકો મેવો મોંઘો બનતા વેપારીઓની દિવાળી બગડી. અખરોટનો ભાવ બમણો થયો.

ડીએલએફ શેર માર્કેટમાં ૩ વર્ષ કારોબાર નહીં કરી શકે : સેબી

મુંબઈ,તા. ૧૩

માર્કેટ રેગ્યુલેટર સેબીએ આક્રમક પગલા લઈને રિયાલિટીની મહાકાય કંપની ડીએલએફ અને તેના ટોપ-૬ કારોબારીઓ સામે પગલા લીધા છે. જેના ભાગરૂપે ત્રણ વર્ષ સુધી માર્કેટમાંથી તેમના પર પ્રતિબંધ મુકી દીધો છે. માર્કેટમાં પ્રવેશ ઉપર જેના પર પ્રતિબંધ મુકાયો છે તેમાં ડીએલએફ વડા કેપીસિંહ, તેમના પુત્ર રાજીવસિંહ અને પુત્રી પિયા સિંહનો સમાવેશ થાય છે. સેબીએ ચોક્કસ બેદરકારી અને નીતિ નિયમોના ભંગ મામલામાં દોષિત દેખાતા તેમના પર પ્રતિબંધ મુક્યો છે. ડીએલએફ અને છ ટોપ કારોબારીઓ ત્રણ વર્ષ સુધી માર્કેટમાં પ્રવેશ કરી શકશે નહીં. કંપનીને તેની પબ્લિક ઓફરના સમયવેડા મેટેરીયલ માહિતી જાણી જોઈને છુપાવવા અને ગેરમાર્ગે દોરવા બદલ કંપનીને દોષિત ઠેરવીને કાર્યવાહી કરી છે. સેબીના ઓલટાઈમ મેમ્બર રાજીવ અગ્રવાલે તેના ૪૩ પાનાના આદેશમાં જણાવ્યું છે કે, આઈપીઓમાં ડીએલએફના શેરના ઈસ્યુ સાથેના સંબંધમાં સિક્યુરીટી માર્કેટમાં મૂડીરોકાણકારોને ગેરમાર્ગે દોરવા અને કોઈપણ મેટેરીયલ માહિતીને લઈને ગેરસમજ ઉભી કરવાનો આ કેસ રહેલો છે. આ કેસમાં ધારાધોરણોનો ભંગ થયો છે જે ગંભીર મામલો છે. સિક્યુરીટી માર્કેટની સુરક્ષા અને તેના જતન માટે આ કાર્યવાહી થઈ છે. કંપની અને તેના ટોપ કારોબારીઓ સેબીના ડિસ્ક્લોઝર એન્ડ ઈન્વેસ્ટર્સ પ્રોટેકશન ગાઈડલાઈન સહિતના ધારાધોરણોનો ભંગ કરવાના મામલામાં દોષિત આવ્યા છે.

કુપવારામાં ફરી ભીષણ અથડામણ

શ્રીનગર,તા. ૧૩

જમ્મુ કાશ્મીરના કુપવારા જિલ્લામાં આતંકવાદીઓ સાથે થયેલી ભીષણ અથડામણમાં સેનાના એક જવાનને પ્રાણોની આહુતિ આપવી પડી હતી. સેનાના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે, સુરક્ષાદળોએ બાતમી મળ્યા બાદ કુપવારામાં પેઠા ગામ નજીક વન્ય વિસ્તારમાં ઓપરેશન હાથ ધર્યું હતું જે દરમિયાન સુરક્ષાદળો ઉપર છુપાયેલા આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. સેનાના અધિકારીએ કહ્યું હતું કે, કલાકો સુધી ગોળીબારની રમઝટ જામી હતી.

આતંકવાદીઓ પરિસ્થિતિનો લાભ લઈને ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. ઓપરેશન હજુ પણ ચાલી રહ્યુંછે. આ અથડામણથી સાબિત થાય છે કે, આતંકવાદીઓ હજુ પણ જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં છુપાયેલા છે અને તક મળતાની સાથે સુરક્ષાદળોને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કરી રહ્યા છે. અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાન દ્વારા છેલ્લા ઘણા દિવસથી કરવામાં આવી રહેલા ગોળીબારનો લાભ ઉઠાવીને આ આતંકવાદીઓ ભારતીય ક્ષેત્રમાં ઘુસ્યા હોવાના હેવાલ મળ્યા છે.

મોદીના ટોઈલેટ મિશનમાં કેજરીવાલ સૌથી આગળ

નવી દિલ્હી,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ટોઈલેટ મિશનમાં દિલ્હીમાં આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ આગળ દેખાઈ રહ્યા છે. એએપીના નેતા કેજરીવાલે પોતાના વિધાનસભા મતવિસ્તાર નવી દિલ્હીમાં ત્રણ બાયો ટોઈલેટ બનાવવાની પ્રક્રિયા શરૂ કરાવી છે. આ ટોઈલેટ એમએલએ ફંડમાંથી બનાવવામાં આવનાર છે. સાથે સાથે આમ આદમી પાર્ટીના અન્ય નેતાઓ પણ આને પોતાના ક્ષેત્રમાં અમલી બનાવવા

માટે તૈયાર દેખાઈ રહ્યા છે. દરેક જરૂરી જગ્યાએ એમએલએ ફંડમાંથી ટોઈવેટ બનાવવામાં આવનાર છે. અરવિન્દ કેજરીવાલે નવી દિલ્હીમાં હાલમાં ત્રણ એવી જગ્યા પસંદ કરી છે જ્યાં ટોઈલેટ જરૂરી છે. જેજે ક્લસ્ટરના લોકોની પાસે ટોઈલેટની સુવિધા નથી જેથી તેમને ખુલ્લામાં શૌચ જવાની ફરજ પડે છે. જેથી સફદરજંગ ફ્લાઈંગ ક્લબની પાછળ બનેલી ઝુપડપટ્ટી, સફદરજંગ ફ્લાય ઓવરની નીચે અને ડીઆઈડીમાં ટોઈલેટ બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી ચુકી છે. આના માટે ટેન્ડર આમંત્રિત કરવામાં આવ્યા છે. કંપની નક્કી થયા બાદ કામ શરૂ કરાશે. આ જગ્યાએ સીવર લાઈન પણ નથી. સીવર લાઈનબિછાવવાનો ખર્ચ વધારે થાય છે. આ ઉપરાંત તેમાં સમય પણ વધારે લાગે છે. જેથી અહીં એમએલએ ફંડમાંથી નોર્મલ ટોઈલેટની જગ્યાએ બાયોડાયજેસ્ટિક ટોઈલેટ બનાવવાની શરૂઆત કરવામાં આવી છે. તેમાં સેફટી ટેન્કમાં બેક્ટિરિયા હોય છે. જે વેસ્ટ કન્ઝુમ કરે છે. સાથે સાથે હાર્મફુલ સબ્સટેન્સ ખાઈ જાય છે. જે પાણી ટેન્કમાં રહી જાય છે તે જે જ સિસ્ટમમાં રિસાઈકલ થઈને ફરી ઉપયોગમાં આવી જાય છે. કેજરીવાલે ઝડપી પ્રક્રિયા હાથ ધરી છે.

હરિયાળું હરણોદ્યાન (પાના નં. ૪ નું ચાલુ)

'એ માટે શું કરી શકાય?'

તેના ભીંગડામાંથી બનતાં ઘરેણાં અને નખને ખરીદવામાં ન આવે તો લાંબા ગાળે તેનું અસ્તિત્વ ટકાવવામાં આપણે સૌ મદદરૂપ થઇ શકીએ.

'સાહેબ ખાત્રી રાખો હું તો એવું જરૂરથી કરીશ જ અને મારા અખબારમાં તેના વિષે લખીને લોકોમાં પણ જાગૃત આવે તે માટે પ્રયત્નો કરીશ બસ.'

'રોહિતભાઇ તમારી પાસે તો અમને એ જ અપેક્ષા હોય તે.'

'જુઓ ને વાતોમાં ને વાતોમાં કેટલો વખત નીકળી ગયો, ચાલો ત્યારે હું જાઉં...'

'ભલે આવજો... આવતા રહેજો' મેં તેમને વિદાય આપી. વન કેડીનું કામ ચાલતું હતું ત્યાં હું આગળ વધ્યો. વાંકીચૂંકી કેડી પસાર કરતો હું ટેકરી ઉપરથી નીચે ઉતર્યો ત્યારે સૂરજ પણ પશ્ચિમની ક્ષિતિજે વિશ્રામ લેવા ઉતાવળો થયો હતો. વૃક્ષોના પડછાયા લાંબા થઇ રહ્યા હતા. ઝાડીમાં નીલગાયનું ટોળું દૂર ચરતું હતું. વાંદરાઓની કુદાકુદ વધી ગઇ હતી. પંખીઓ તેના માળા તરફ પાછાં ફરી રહ્યાં હતા. હું પણ ત્યાંથી આગળ વધ્યો.

(ક્રમશઃ)